# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 01-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**DAY : TUESDAY** **NATIONAL NEWS**

નમસ્કાર,આકાશવાણી,

**OPENING SIGNATURE TUNE**

સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

**મુખ્ય સમાચાર**

**(મ્યુઝિક અંડરપ્લે)**

1) **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સ્વસ્થ રહેવા સૌને યોગ કરવા અનુરોધ કર્યો.**
2) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારતે 140 કરોડ દેશવાસીઓના સામૂહિક સંકલ્પથી ડિજિટલ ચૂકવણી ક્ષેત્રે મહત્વની સિદ્ધિ મેળવી.**
3) **અમેરિકાના પ્રવાસે ગયેલા વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકરે ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી વ્યાપાર વાટાઘાટોના સફળ નિષ્કર્ષની આશા વ્યક્ત કરી.**
4) **તેલંગાણામાં દવા કંપનીમાં થયેલા વિસ્ફોટમાં મૃત્યુઆંક વધીને 35નો થયો.**
5) **બેડમિન્ટનમાં આજે ઑન્ટારિયોમાં કૅનેડા ઑપન 2025નો આરંભ થશે. આયૂષ શેટ્ટી પુરુષ સિંગલ્સમાં દેશનું નેતૃત્વ કરશે.**

..........................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## REV PRESIDENT GORAKHPUR VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ઉત્તરપ્રદેશમાં  આજે ગોરખપુરમાં મહાયોગી ગુરુ ગોરખનાથ આયૂષ વિશ્વ-વિદ્યાલયનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે સુશ્રી મુર્મૂએ સ્વસ્થ રહેવા સૌને યોગ કરવા અનુરોધ કર્યો. આજે વિશ્વભરમાં લોકો યોગને અપનાવી રહ્યા છે. દરમિયાન તેમણે આયુર્વેદના લાભ અંગે પણ વાત કરી. સુશ્રી મુર્મૂએ કહ્યું, અનેક આધુનિક સુવિધા ધરાવતું આ વિશ્વ વિદ્યાલય પ્રાચીન સંસ્કૃતિનું કેન્દ્ર છે.

(બાઈટઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM DIGITAL INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, “ભારતે 140 કરોડ દેશવાસીઓના સામૂહિક સંકલ્પથી ડિજિટલ ચૂકવણી ક્ષેત્રે મહત્વની સિદ્ધિ મેળવી છે.” સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, આજે ડિજિટલ ઇન્ડિયા અભિયાનને 10 વર્ષ પૂર્ણ થવાનો ઐતિહાસિક દિવસ છે. તેમણે કહ્યું, દેશને ડિજિટલ રીતે સશક્ત અને ટૅક્નિકલ રીતે સુદ્રઢ બનાવવા ડિજિટલ ઇન્ડિયા અભિયાન 10 વર્ષ પહેલા શરૂ કરાયું હતું.

પ્રધાનમંત્રીએ કહ્યું, એક દાયકા બાદ સમગ્ર દેશ એક એવી યાત્રાનો સાક્ષી બન્યો, જેણે અસંખ્ય લોકોના જીવનને અસર કરી. તેમજ સશક્તિકરણમાં મદદ કરી. શ્રી મોદીએ કહ્યું, આરોગ્ય અને શિક્ષણ જેવા ક્ષેત્રોને આ પહેલથી લાભ થઈ રહ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SHAH - DIGITAL INDIA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે ડિજિટલ ઇન્ડિયા પહેલે ટેકનોલોજીને લોકભોગ્ય બનાવી છે, આ પહેલે ભારતને વૈશ્વિક ડિજિટલ પાવરહાઉસમાં પરિવર્તિત કર્યું છે. ડિજિટલ ઇન્ડિયાના દસ વર્ષ વિશે વાત કરતાં શ્રી શાહે કહ્યું કે, આરોગ્યસંભાળ અને શિક્ષણથી લઈને વ્યવસાય અને વાણિજ્ય સુધી, ડિજીટલ ઈન્ડિયાએ નાગરિકોને સશક્ત બનાવીને અને ટકાઉ ડિજિટલ અર્થતંત્ર ચલાવીને દરેક ક્ષેત્રને વધુ સમાવિષ્ટ, નવીન અને ભવિષ્ય માટે તૈયાર કર્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DIGITAL INDIA

ડિજિટલ ઇન્ડિયાએ દેશના સામાન્ય નાગરિકોને ટેક્નોલૉજી સાથે જોડી દીધા છે, જેનાથી લોકોનું જીવન વધુ સરળ બન્યું છે. અમારા સંવાદદાતાએ જણાવ્યું, ડિજિટલ ઇન્ડિયા પહેલે નોંધપાત્ર વિકાસ કર્યો છે. તેનાથી દૂરના વિસ્તારમાં ઇન્ટરનેટની પહોંચ વધી છે અને સરકારી સેવાઓ ઑનલાઈન ઉપલબ્ધ થઈ શકી છે.

**(V/C- AKSHIT KUMAR)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# JAISHANKAR-INTERVIEW

અમેરિકાના પ્રવાસે ગયેલા વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકરે ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી વ્યાપાર વાટાઘાટોના સફળ નિષ્કર્ષની આશા વ્યક્ત કરી...વિદેશ મંત્રી ડૉ. જયશંકરે ભારત અને અમેરિકા વચ્ચેના છેલ્લા 25 વર્ષના સમયગાળા દરમિયાનના સંબંધોની પણ પ્રશંસા કરી છે .તેમણે નોંધ્યું છે કે છેલ્લા પાંચ અમેરિકન રાષ્ટ્રપતિઓના કાર્યકાળ દરમિયાન બંને દેશોએ મજબૂત અને "ખૂબ જ સકારાત્મક" સંબંધોને વિકસાવ્યા છે. તેમણે નોંધ્યું કે છેલ્લા 25 વર્ષોમાં ભારત-અમેરિકા સંબંધોની હારમાળા "ખૂબ જ મજબૂત" રહી છે તેમણે કહ્યુ કે માળખાકીય પરિબળો અર્થશાસ્ત્ર , ટેકનોલોજી, શિક્ષણ, સુરક્ષા અને ઊર્જા સાથેના સંબંધો વધુ વિકસ્યા છે..

વિદેશ મંત્રીએ કહ્યું કે બંને દેશો ખૂબ જ મહત્વપૂર્ણ વેપાર વાટાઘાટોમાં વ્યસ્ત છે અને તેનો સફળ નિષ્કર્ષ આવશે તેવી આશા વ્યક્ત કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TELANGANA DEATH TOLL

તેલંગાણાના સંગારેડ્ડી જિલ્લામાં દવા કંપનીમાં થયેલા વિસ્ફોટમાં મૃતકોની સંખ્યા 35 થઈ છે. પોલીસ અત્યાર સુધી માત્ર 11 મૃતદેહની ઓળખ કરી શકી છે. બચાવ અભિયાન હાથ ધરનારા અધિકારીઓએ કહ્યું, કાટમાળમાં 16 શ્રમિક ફસાયા હોવાની શક્યતા છે.

હૉસ્પિટલમાં સારવાર હેઠળ 35 શ્રમિકમાંથી 12 શ્રમિકની હાલત ગંભીર છે. રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળની મદદથી બચાવ કાર્ય 24 કલાક ચાલુ છે. મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ આજે દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી. તેમણે અધિકારીઓ પાસેથી બચાવ અભિયાન અંગેની માહિતી મેળવી.

ઉપરાંત શ્રી રેડ્ડીએ હૉસ્પિટલમાં સારવાર હેઠળ રહેલાં શ્રમિકોની પણ મુલાકાત લઈ ખબરઅંતર પૂછ્યા. તેમજ આ દુઃખદ ઘટનાની વિસ્તૃત તપાસના આદેશ આપ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત સમાચાર આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોૅ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# PM DOCTORS AND CA DAY

દેશભરમાં આજે તબીબ દિવસ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. તેનો ઉદ્દેશ આ બંને મહત્વની સેવાઓના યોગદાનને સન્માન કરવાનો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે તમામ મહેનતુ તબીબો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને શુભેચ્છાઓ પાઠવી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, તબીબ આપણા સ્વાસ્થ્યના સાચા રક્ષક અને માનવતાના સ્તંભ છે. શ્રી મોદીએ કહ્યું, ભારતના આરોગ્ય સેવા માળખાને મજબૂત બનાવવામાં તબીબોનું યોગદાન ખરેખર નોંધપાત્ર છે.

શ્રી મોદીએ અન્ય એક સંદેશમાં જણાવ્યું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એ પાલન અને પારદર્શકતાને પ્રોત્સાહન આપીને સ્વસ્થ અર્થતંત્રના નિર્માણમાં ફાળો આપે છે. તેમણે કહ્યું, સફળ સંસ્થાઓના કાર્યમાં તેમની ભૂમિકા ઘણી મહત્વની છે.

શ્રી મોદીએ ગત રવિવારે આકાશવાણી પર "મન કી બાત" કાર્યક્રમમાં કહ્યું હતું કે, તબીબ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ બંને સમાજનો પાયો છે, જે આપણા જીવનને વધુ સારું બનાવવામાં મદદ કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# HIMCHAL FOOLD

હિમાચલ પ્રદેશમાં મુશળધાર વરસાદથી તબાહી મચી ગઈ છે. ગઈકાલે રાત્રે મંડી જિલ્લામાં ઘણી જગ્યાએ વાદળ ફાટવાથી સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. કરસોગ સબડિવિઝનમાં એક વ્યક્તિનું મોત થયું છે. જ્યારે બે લોકો ગુમ છે.

મંડી જિલ્લાના ગોહરના સ્યાંજ ગામમાં, નાળામાં આવેલા પૂરમાં નવ લોકો ગુમ છે. માતા અને પુત્રીને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા, પરંતુ અન્યની શોધ ચાલુ છે. પટીકરી પાવર પ્રોજેક્ટને પણ ભારે નુકસાન થયું છે. નદીઓ અને નાળાઓમાં પૂર આવ્યું છે. પંડોહ ડેમનું પાણીનું સ્તર **2922** ફૂટ પર પહોંચી ગયું છે જે **2941** ફૂટના ભયજનક નિશાનની નજીક છે. પરિસ્થિતિને કાબુમાં લેવા માટે, બિયાસ નદીમાં **1.5** લાખ ક્યુસેકથી વધુ પાણી છોડવામાં આવી રહ્યું છે. મંડી શહેરના પંચવક્ત્ર મંદિર સુધી પાણી પહોંચી ગયું છે.

હમીરપુર જિલ્લાના સુજાનપુર સબડિવિઝનના ખેરી ગામમાં, બ્યાસ નદીના પાણીના સ્તરમાં વધારો થવાને કારણે, **20** થી વધુ લોકો ફસાયા હતા, જેમાંથી અત્યાર સુધીમાં **15** લોકોને બચાવી લેવામાં આવ્યા છે. વહીવટીતંત્ર અને પોલીસ ટીમોએ જવાબદારી સંભાળી લીધી છે. જંગલબેરીથી પોલીસ બટાલિયન સ્થળ પર તૈનાત છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# IRAQ BLAST

ઇરાકનું કિરકુક શહેર એક પ્રચંડ વિસ્ફોટના અવાજથી હચમચી ગયું. ઉત્તર ઇરાકમાં કિરકુક આંતરરાષ્ટ્રીય વિમાનમથકના લશ્કરી વિભાગ પર બે રોકેટ પડ્યા છે. આમાં એકથી બે સુરક્ષા કર્મચારીઓ ઘાયલ થયા હોવાનું કહેવાય છે. ત્રીજુ રોકેટ શહેરના એક ઘર પર પડ્યુ છે.

અત્યાર સુધી કોઈ જૂથે આ ઘટનાની જવાબદારી લીધી નથી. ઈરાનની મેહર અને તુર્કીની અનાદોલુ ન્યૂઝ એજન્સીએ, ઇરાકની સમાચાર એજન્સી આઇએનએને ટાંકીને, કિરકુકમાં થયેલા હુમલાની જાણ કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# EGYPT-IRAN IAEA

ઇજિપ્તના વિદેશ પ્રધાન બદ્ર અબ્દેલટ્ટીએ તેમના ઇરાની સમકક્ષ, સૈયદ અબ્બાસ અરાઘચી અને IAEAના વડા રાફેલ ગ્રોસી સાથે ઇરાની પરમાણુ મુદ્દાના ઉકેલ અંગે ફોન પર વાતચીત કરી. અરાઘચી સાથેની વાતચીત દરમિયાન, ઇજિપ્તના પ્રધાને ઇરાની પરમાણુ મુદ્દા પર વાટાઘાટો ઝડપથી ફરી શરૂ કરવાના મહત્વ પર ભાર મૂક્યો, વિશ્વાસ વધારવા અને તણાવ ઘટાડવાનો વાટાઘાટોને શ્રેષ્ઠ માર્ગ તરીકે દર્શાવ્યો હતો.

IAEAના વડા સાથેની વાતચીતમાં, અબ્દેલટ્ટીએ પરમાણુ શસ્ત્રોના અપ્રસાર કરવાના પ્રયાસમાં IAEA દ્વારા ભજવવામાં આવતી મહત્વપૂર્ણ ભૂમિકા માટે ઇજિપ્તનો સંપૂર્ણ ટેકો વ્યક્ત કર્યો.ગયા અઠવાડિયે, સાત દેશોના જૂથ (G7) ના વિદેશમંત્રીઓએ પણ ઇરાનના પરમાણુ કાર્યક્રમને સંબોધતા વ્યાપક, ચકાસી શકાય તેવા અને લાંબા ગાળાના કરાર માટે વાટાઘાટો ફરી શરૂ કરવાની હાકલ કરી હતી. 25 જૂનના રોજ હેગમાં મળેલા G7 વિદેશ મંત્રીઓએ ઈરાનને તેની સલામતી જવાબદારીઓ અનુસાર તાત્કાલિક આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી (IAEA) સાથે સંપૂર્ણ સહયોગ ફરી શરૂ કરવા અપીલ કરી હતી. ઈરાનને IAEA ને તમામ પરમાણુ સામગ્રી વિશે ચકાસણી યોગ્ય માહિતી અને IAEA નિરીક્ષકોને ઍક્સેસ પ્રદાન કરવા પણ કહ્યું હતું જી-7 જૂથ દ્વારા કહેવાયું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TENNIS WIMBLEDON OPEN

વિમ્બલડન ઑપન ટેનિસમાં વર્તમાન ચૅમ્પિયન સ્પેનના કાર્લોસ અલ્કરાઝ ઈટાલીના ફૈબિયો ફોગનિનીને ત્રણ-બેથી હરાવીને પુરુષ સિંગલ્સના બીજા રાઉન્ડમાં પહોંચ્યા છે. હવે આવતીકાલે તેમનો મુકાબલો બ્રિટનના ઑલિવર ટાર્વેટ સાથે થશે.

મહિલા સિંગલ્સમાં આજે અમેરિકાનાં કોકો ગૉફનો સામનો યુક્રેનના દયાના યાસ્ત્રેમ્સ્કા સાથે થશે. ભારતનું અભિયાન આવતીકાલે પુરુષ ડબલ્સના રાઉન્ડ સાથે શરૂ થશે. રોહન બોપન્ના, યૂકી ભામ્બરી, શ્રીરામ બાલાજી અને ઋત્વિક ચૌધરી બોલિપલ્લી કાલે સ્પર્ધાની પ્રથમ મેચ રમશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BADMINTON CANADA OPEN

બેડમિન્ટનમાં આજે ઑન્ટારિયોમાં કૅનેડા ઑપન 2025 નો આરંભ થશે. આયૂષ શેટ્ટી પુરુષ સિંગલ્સમાં દેશનું નેતૃત્વ કરશે. તાજેતરમાં જ તેમણે અમેરિકી ઑપનમાં પોતાનો પહેલા વર્લ્ડ ટૂર ખિતાબ જીત્યો છે. ક્વાલિફાયર્સમાં કિદામ્બી શ્રીકાંત સાતમા ક્રમાંક પ્રાપ્ત ખેલાડી પ્રિયાંશુ રાજાવત સાથે રમશે. જ્યારે ચિરાગ સેનનો સામનો મલેશિયાના યુજીન એવે સાથે રમશે.

મહિલા સિંગલ્સમાં તાન્યા હેમંત, શ્રીયાંશી, વલીશેટ્ટી અને ઈરા શર્મા કમાન સંભાળશે. મિશ્ર ડબલ્સમાં ભારતના ચંદ્રક જીતવાની સંભાવના પ્રબળ છે. આ મુકાબલામાં ધ્રુવ કપિલા અને તાનિશા ક્રેસ્ટો ટોચના ક્રમાંક પ્રાપ્ત ખેલાડી છે. તેઓ પહેલા રાઉન્ડમાં સ્પેનના રૂબેન ગાર્સિયા અને લૂસિઆ રૉડ્રિગ્સ સામે પોતાના અભિયાનનો આરંભ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# HD KUMARASWAMY DUBAI

કેન્દ્રીય પોલાદ અને ભારે ઉદ્યોગ મંત્રી એચ.ડી. કુમારસ્વામીએ ગઈકાલે દુબઈમાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી. આ પ્રસંગે તેમણે ભારતના જાહેર ક્ષેત્રના બે મુખ્ય સાહસો **N.M.D.C.** લિમિટેડ અને મેકૉન લિમિટેડના આંતરરાષ્ટ્રીય કાર્યાલયોનું ઔપચારિક ઉદ્ઘાટન કર્યું. આ મધ્ય-પૂર્વમાં ભારતની વધતી વૈશ્વિક ઔદ્યોગિક ઉપસ્થિતિને દર્શાવે છે.

શ્રી કુમારસ્વામીએ સંયુક્ત આરબ અમિરાતમાં ભારતીય મૂળની ટોચની કંપનીઓના મુખ્ય કાર્યકારી અધિકારીઓ અને મેનેજિંગ ડિરેક્ટર્સ સાથે ચર્ચા વિચારણા કરી. તેમણે ઔદ્યોગિક સહકારના રાજદ્વારી મહત્વ પર ચર્ચા કરી, જેમાં ઔદ્યોગિક સહકાર વધારવા, ભારત-સંયુક્ત આરબ અમિરાત આર્થિક સંબંધોને વધારવા અને પોલાદ, ભારી ઉદ્યોગો અને રોકાણ માટે નવી તક શોધવી સામેલ છે.

**N.M.D.C.** લિમિટેડનું નવું દુબઈ કાર્યાલય ભારતના સૌથી મોટા કાચી ધાતુની ઉત્પાદકના આંતર-રાષ્ટ્રીય બજારોમાં વ્યૂહાત્મક વિસ્તરણનું પ્રતિનિધિત્વ કરે છે, જેને નવી વેપાર ભાગીદારીને ખોલવા, કાચા માલસામાનની સુરક્ષા વધારવા અને ખનીજ ક્ષેત્રે વૈશ્વિક પ્રતિસ્પર્ધાઓને પ્રોત્સાહન આપતા ભારતની આત્મનિર્ભરતા માટે તૈયાર કરાયું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .